# સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તાનો અભાવ

## દલિત અને અન્ય કોમોના બાળકોને પાયામાંથી ગુણવત્તાયુક્ત શિક્ષણ અપાય તે ખૂબ જરૂરી

ગાંધીનગર, તા.૧૮

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત, ગાંધીનગરના પ્રમુખ ભાનુકાન્ત પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તાનો અભાવ જોવા મળ્યો છે. દલિત અને દલિત જેવી અન્ય કોમોના બાળકોને પાયામાંથી ઉચ્ચ ગુણવત્તા યુક્ત શિક્ષણ મળી રહે તથા તેઓ તેનાથી વંચિત ન રહી જાય તેના માટે સરકારી વિકાસાત્મક પગલાં લેવા જોઈએ.

સરકારી પ્રાથમિક શાળાઓમાં અને ગ્રામ્ય વિસ્તારની સરકારી પ્રાથમિક શાળાઓમાં દલિત અને દલિત જેવા અન્ય નબળા વર્ગના તથા ઝૂંપડાવાસીઓ (શહેરી વિસ્તાર)ના બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવે છે. આ બાળકોને સમાન ગુણવત્તાવાળુ વર્લ્ડ ક્લાસ શિક્ષણ અન્ય બાળકોની જેમ મળે તો જ તેઓ માધ્યમિક શિક્ષણ તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવા જરૂરી લાયકાત માટેની હરિફાઈમાં ટકી શકે.

ગુજરાત સરકાર શિક્ષણની વ્યાપકતા તથા ગુણવત્તા સુધારણા માટે પ્રયત્નશીલ છે. પરંતુ એન્યુઅલ સ્ટેટશ ઓફ એજ્યુકેશન રીપોર્ટ (એએસઈઆર)-૨૦૧૨ જે આ મહિનામાં પ્રસિદ્ધ થયો છે તે મુજબ પ્રાથમિક શાળાઓમાં ઉચ્ચ ગુણવત્તાવાળું સમાનતાલક્ષી શિક્ષણ આપવા માટે જરૂરી પાયાની સુવિધાઓ જેવી કે, નિયત ધોરણ મુજબ પૂરતી સંખ્યામાં શિક્ષકગણ, શાળાના ઓરડા, રમતગમતના મેદાન, પીવાલાયક પાણી, ટોયલેટ, લાયબ્રેરી વગેરેના અભાવને જવાબદાર ગણવામાં આવ્યા છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ ૨૨ હજાર શિક્ષકોની જગ્યાઓ ભરવાની બાકી છે. વળી પ્રતિ વર્ષ ૭ હજાર શિક્ષકો નિવૃત્ત થાય છે. શિક્ષકોમાં બાળકોને ભણાવવા માટે મોટીવેશનનો અભાવ જણાય છે. કારણ કે નક્કી સમય ૫ વર્ષ માટે ફીક્સ પગાર આપવામાં આવે છે. જ્યારે તેમના જેવી જ ફરજ બજાવતા અન્ય શિક્ષકો રૂપિયા ૨૫ હજાર પગાર મેળવે છે. વળી, આથી પણ વધુ જવાબદાર કારણ એ છે કે, શિક્ષકો માથે શિક્ષણેત્તર કામગીરીનો બોજો નાખવામાં આવે છે, તેઓને વિવિધ તહેવારો, મેળાઓ, વસ્તી ગણતરી, સર્વે વગેરે સરકારી પ્રવૃત્તિઓમાં રોકાયેલા રાખવામાં આવે છે. છેલ્લા ૨ વર્ષોથી શિક્ષકોએ

● અનુસંધાન પાના- ૭ પર



ગાંધીનગરથી પેથાપુર તરફ રસ્તા ઉપર ચરેડી પાસે ખુબ જ મોટું ગાબડું અસ્તિત્વમાં આવ્યું છે. આ ગાબડું પુરવા માટે સ્થાનિકો દ્વારા તંત્રને રજુઆતો કરવામાં આવી છે. આ ગાબડું જો સત્વરે પુરવામાં ન આવે તો અકસ્માત થવાની દહેશત ઉત્પન્ન થવા પામી છે. (તસવીર : દિપક જાની)



તાજેતરમાં જ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા, ગાંધીનગરના સેકટરના માર્ગોનું નવીનીકરણ (રીકાર્પેટીંગ) કરોડોના ખર્ચે હાથ ધરવામાં આવ્યું હતું. વિવિધ અખબારોમાં માર્ગ સુધારણાના કામોની ગુણવત્તા બાબતે અનેક પ્રશ્નો રજુ કરવામાં આવ્યા છે. પરંતુ ઈજારદારો દ્વારા ગુણવત્તા બાબતે કોઈ ધ્યાન આપવામાં ન હોવા અંગે જનતાનો રોષ અને નારાજગી પ્રવર્તે છે. તસવીરમાં દર્શાવેલ રોડ હજી ૧૫ દિવસ પહેલા જ સેકટર-૪-બી પ્લોટ નં. ૧૧૬૬ પાસે બનાવવામાં આવેલ છે. જેની પોલંપોલ આ ખાડામાં સ્પષ્ટ દેખાય છે. તંત્ર દ્વારા આની નોંધ લઈ યોગ્ય કાર્યવાહી હાથ ધરાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

## આજે રામકથામાં બાળ લીલા ગાન થશે

ગાંધીનગરના સેકટર-૨૪માં આવેલા સત્યમ, શિવમ, સહયોગ ખાતે રામકથાનું સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આયોજન કરવામાં આવ્યું છે. રામકથામાં આજે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન શ્રીરામજીની બાળલીલાની કથાનું ગાન થશે. સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૧૩૭૨/૨, સેકટર-૨-બી, ગાંધીનગર ખાતે સુંદરકાંડના પાઠ પણ યોજાશે જેનો ભકતજનો લાભ લઈ શકશે.

## ગાંધીનગર જિલ્લામાં બે પી.આઈ અને ચાર પી.એસ.આઈ.ની બદલી

બદલીનો ગંજીપો પીસાતા આજે બે પી.આઈ. અને ચાર પી.એસ.આઈ. સહિત કુલ ૬ અધિકારીઓની ગાંધીનગર જિલ્લામાં બદલી કરવામાં આવી છે.

| અધિકારીનું નામ | ક્યાં હતા | ક્યાં ગયા |
|---|---|---|
| એલ.બી. મોનપરા (પી.આઈ.) | બરોડા શહેર | ગાંધીનગર |
| કે. કે. પંડ્યા (પી.આઈ.) | રાજકોટ | ગાંધીનગર |
| એ. કે. કલાસવા (પીએસઆઈ) | જુનાગઢ | ગાંધીનગર |
| એમ. જે. પટેલ (પીએસઆઈ) | સાબરકાંઠા | ગાંધીનગર |
| ઓ.એમ. દેસાઈ (પીએસઆઈ) | બરોડા શહેર | ગાંધીનગર |
| આર.એમ. ચૌહાણ (પીએસઆઈ) | ગાંધીનગર ગુપ્તચર વિભાગ | ગાંધીનગર |

## સેકટર-૧૩/સી માં ૨૧મીથી રામકથા

ગાંધીનગર, તા. ૧૮

સેકટર-૧૩/સી વસાહત મંડળ ગાંધીનગર દ્વારા તા. ૨૧મી ફેબ્રુઆરીથી ૧ માર્ચ સુધી શ્રી રામપરાયણ જ્ઞાનયજ્ઞ કથા સંગીતમય વકતા સીતારામ બાપુના વ્યાસપીઠે યોજાશે. દરરોજ બપોરે ૨ થી ૫.૩૦ કલાક સુધી કથાનો સમય રહેશે. પોથીયાત્રાના મુખ્ય યજમાન પ્રદિપસિંહજી પ્રતાપસિંહજી બિહોલાના નિવાસ સ્થાનેથી શરૂ થશે. સેકટર-૧૩/સી નવરાત્રી ચોકમાં કથા યોજાશે.

## વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની આવતીકાલે બેઠક

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની આજે રચના કરી દેવામાં આવી છે અને આવતીકાલે સાંજે બેઠક મળનાર હોવાનું જાણવા મળે છે.

વિધાનસભાનું અંદાજપત્ર સત્ર ૨૦મીથી શરૂ થઈ રહ્યું છે. આ સત્ર પૂર્વે આજે વિધાનસભા સચિવાલય દ્વારા કામકાજ સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં ભાજપ સભ્યો અને કોંગ્રેસના ત્રણ સભ્યો મળીને કુલ ૧૧ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે.

વિધાનસભા સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે સાંજે મળનારી કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં ૨૦મીએ મળનારી વિધાનસભાની બેઠક માટેના એજન્ડા નક્કી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## જિલ્લા પંચાયત સામે ત્રણ કાર વચ્ચે અકસ્માત : બે ગંભીર રીતે ઘાયલ

ગાંધીનગર, તા. ૧૮

શહેરના ચ-માર્ગ પર જિલ્લા પંચાયત પાસે આજે સવારના સુમારે ત્રણ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર બે વ્યક્તિને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.



ગાંધીનગર શહેરમાં વાહનચાલકો બેફામ ગતિએ વાહન ચલાવી ગતિનિયમનનો ભંગ કરી અવાર-નવાર અકસ્માતો સર્જાતા રહે છે. શહેરમાં માર્ગો પર પણ દિન-પ્રતિદિન અકસ્માતોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. આજે સવારના સુમારે શહેરના ચ-માર્ગ પર જિલ્લા પંચાયતની સામે ત્રણ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ચ-૩ થી ચ-૫ તરફ એક કાર જતી હતી. બીજી કાર જુના સચિવાલય તરફ જવા માટે સર્કલ પાસે ઊભી હતી. ત્યારે ચ-૫થી ચ-૩ તરફ પૂરપાટ ઝડપે જતી કારના ચાલકે સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા સર્કલ પાસે ઉભેલી કારને અથડાઈને ડીવાઈડર કુદીને સામેથી આવતી કાર નં. જીજે-૧-એચ.એસ. ૮૯૬૪ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા તેમજ કારમા સવાર રોહિત જેઠાભાઈ દરજી (ઉ.૪૨, મુક્તિનગર ફ્લેટ, નારણપુરા) અને જૈમિન ભટ્ટ (ઉ.૨૫, રહે. અભિષેક એપાર્ટમેન્ટ, વાડજ)ને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

## જલારામ સેવા સમાજ દ્વારા પશુપક્ષીઓ માટે હેલ્પલાઈન

ગાંધીનગર, તા. ૧૮

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા એનિમલ હેલ્પ લાઈન ચાલે છે. જેમાં અબોલ-મૂંગા, નિરાધાર, બિમાર પશુપક્ષીઓ માટે નિઃશુલ્ક સેવા બજાવે છે. જેમાં યુવાન ડૉ. ચિરાગભાઈ રાઠોડ સેવા આપે છે. જેની ફી જલારામ સેવા સમાજ દ્વારા ચુકવવામાં આવે છે. જીવદયા પ્રેમીઓએ લાભ લેવા જણાવેલ છે. ફોન નં. ૯૬૨૪૪ ૪૯૬૪૭, ૮૧૨૮૦૮૦૧૨૩છે.

## નેચરો થેરાપીસ્ટ કોર્ષમાં જોડાવા અનુરોધ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના રાંધેજા મુકામે આવેલી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર, યોગ તાલીમ અને સંશોધન કેન્દ્ર ખાતે એપ્રિલ ૨૦૧૩થી નેચરોથેરાપીસ્ટનો સાડા ત્રણ માસનો સર્ટીફીકેટ કોર્ષ શરૂ થઈ રહ્યો છે. જેમાં જોડાવા ઈચ્છતા લોકોને ૨૫મી માર્ચ ૨૦૧૩ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરી જવા જણાવાયું છે.

મુખ્ય ચિકિત્સક ડૉ. ધર્મેશ પટેલે માહિતી આપતા જણાવ્યું છે કે, કુદરતી ઉપચારકનો સાડા ત્રણ માસનો સર્ટીફીકેટ કોર્ષ એપ્રિલ માસમાં યોજવાનું આયોજન છે. આ કોર્ષમાં ૮મું ધોરણ પાસ અથવા નાપાસ ભાઈ-બહેન જોડાઈ શકશે. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી ફોન નં. ૦૭૯૨૩ ૯૭૬૭૧૮, મો.નં. ૯૯૨૫૫ ૫૦૨૪૧ પરથી મેળવી શકાશે.

## અંબોડના અશ્વમેળાને બિરદાવતા બાબુભાઈ બોખીરીયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર-મહુડી માર્ગ પરના અંબોડ ગામની હદમાં આવતા નદીના પટમાં વસંત પંચમીથી મહા સુદ પૂનમ એટલે કે તા. ૧૫ થી ૨૪મી ફેબ્રુઆરી-૨૦૧૩ દરમ્યાન અશ્વ તથા પશુ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાની આજરોજ રાજયના પશુપાલન વિભાગના મંત્રી શ્રી બાબુભાઈ બોખીરિયાએ મુલાકાત લીધી હતી. આ મેળામાં આગામી તા. ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી દરમ્યાન અશ્વની વિવિધ દિલ ધડક રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાને વૈશ્વિક બનાવવા માટે ભવિષ્યનું સુચારું આયોજન કરવાનું પણ મંત્રીશ્રીએ સૂચન કર્યુ હતું. આ માટે યોગ્ય પ્લાનીગ કરીને ટુંક સમયમાં તે રજૂ કરવા પણ જણાવ્યું હતું.

આ મેળાની માહિતી આપતા એકિવટેશન એસોસિયેશના -મુખ શ્રી વિરેન્દ્ર કાંકરિયા અને રીપુદમનસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં અશ્વની લે-વેચ કરવા માટેનું કોઈ નિશ્ચિત સ્થળ નથી, જેના પરિણામે ગુજરાતના સૌરાષ્ટ્ર અને અન્ય જિલ્લાના વ્યક્તિઓને અશ્વની લે-વેચ માટે અજમેર પાસેના પુષ્કર પાસે યોજાતા મેળામાં જવું પડે છે. આના લીધે ઘણા અશ્વ-મી લોકો પોતાના તંદુરસ્ત અશ્વને વેપારીઓને સસ્તા દરોમાં વેચી નાખવા પડે છે. અંબોડ ખાતે આ મેળાનું આયોજન કરવાથી ગુજરાતના પશુપાલકોને અશ્વ વેચવાનું ઉમદા સ્થળ મળી ગયું છે. આ મેળામાં કાઠિયાવડી, સિંધી અને મારવાડી જેવા -ખ્યાત જાતિના અશ્વ સિવાય અન્ય અશ્વો મળી ૭૦૦ અશ્વોની લે-વેચ થશે. આ મેળામાં અશ્વની લે-વેચ કરવા માટે ઉત્તાર-દેશ, મધ્ય-દેશ, પંજાબ, બિહાર, મહારાષ્ટ્ર, રાજસ્થાન જેવા રાજયમાંથી લોકો આવવાના છે. આ મેળામાંથી ગુજરાત પોલીસ અશ્વ દળ માટે ૧૦૦થી વધુ અશ્વની ખરીદી કરવામાં આવનાર છે. તે ઉપરાંત મિલિટરી માટે પણ આ મેળામાં અશ્વ ખરીદી કરાનાર છે. આ મેળા માટે રાજય સરકારના પશુપાલન ખાતું, ગુજરાત રાજય અને ટુરિઝમ વિભાગનો સહયોગ પણ ખૂબ જ સરસ રીતે મળી રહ્યો છે.

આ અશ્વની વધુ રસ-દ માહિતી આપતા તેઓશ્રીએ જણાવ્યું હતું કે, કાઠિયાવાડી, મારવાડી અને સીંધી અશ્વનો ખોરાક ઓછો હોય છે. તેમનામાં રોગ -તિકારક શક્તિ પણ વધુ હોય છે. જેથી આપણા પોલીસ અશ્વ દળમાં આ અશ્વને લાંબા પેટ્રોલિંગ માટે વધુ પસંદ કરવામાં આવે છે. વિદેશી ઘોડાઓ દોડમાં ફાસ્ટ હોય છે. પણ તેમને ખાવા-પીવાનું વધુ જોઈએ છે. ઈ.એફ.આઈના નિયમોનુસાર આગામી તા. ૨૨ અને ૨૩મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ લાંબા અંતરની એટલે કે ૪૦, ૬૦, ૮૦ કિલોમીટરની અશ્વ દોડ યોજાવાની છે. જેમાં માત્ર ગુજરાતના મારવાડી, સીંધી અને કાઠિયાવાડી જ અશ્વો ભાગ લેશે. તા. ૨૩મી ફેબ્રુઆરીના રોજ રોમાંચક ઓફ રોડ કાર રેસ યોજાશે તેમજ તા. ૨૪મી ફેબ્રુઆરીના રોજ પશુપાલન વિભાગ ગુજરાત સરકાર દ્વારા અશ્વ શો નું આયોજન કરવામાં આવ્યું છે. આ શો માં સારામાં સારા અને રૂપે તથા ગુણે ગમી જાય તેવા અશ્વનું નિર્દશન કરવામાં આવશે. અશ્વ શોના સ્થળે દરરોજ રાતના લોકડાયરો, મ્યુઝિકલ કાર્યક્રમ જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.



આ અશ્વ શો ની મુલાકાત દરમ્યાન મંત્રી શ્રી બાબુભાઈ બોખીરિયા અને પશુપાલન ખાતું, ગુજરાત રાજયના સચિવ શ્રી ડૉ. ડી.એચ.બ્રહ્મભટ્ટએ જાતે અશ્વસવારી નો આનંદ માણ્યો હતો. આ મેળામાં અશ્વના શણગાર માટે વપરાતી ચીજ વસ્તુઓના સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યા છે.

આ અશ્વ શોને સફળ બનાવવા એકિવટેશન એસોસિયેશના -મુખ શ્રી વિરેન્દ્ર કાંકરિયા અને રીપુદમનસિંહ વાઘેલા, કાઠિયાવાડના અશ્વ સોસાયટીના -મુખ શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા, -કાશ બ્રહ્મભટ્ટ સહિત તેમની ટીમ અથાગ મહેનત કરી રહી છે.

## ઈસનપુર મોટા ગામે ચૂંટણી મામલે ધીંગાણું થતું અટક્યું

### ઠાકોર અને પટેલ વચ્ચે ચૂંટણીમાં પૈસાની લેતી-દેતી મામલે મામલો બિચક્યો હતો અંતે ગ્રામજનોની દરમિયાનગીરી કરતા મામલો થાડે પડ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ચિલોડા નજીક આવેલ ઈસનપુર મોટા ગામે આજે સાંજના સુમારે ગામના જ બે ઠાકોર અને પટેલ જુથો વચ્ચે તાલુકા પંચાયતની ચૂંટણી મામલે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને પોલીસે પણ ઘટના સ્થળે દોડી આવી હતી. પરંતુ અંતે ગ્રામ આગેવાનોએ દરમિયાનગીરી કરી સમગ્ર મામલે સમાધાન કરાવી મામલો થાડે પાડ્યો હતો. જોકે પૈસાની લેવડ-દેવડ મામલે એક સમયે બન્ને જૂથો આમને સામને આવી ગયા હોવાનું પણ મનાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના ચિલોડા નજીક આવેલ ઈસનપુર મોટા ગામે આજે સાંજે તાલુકા પંચાયતની ચૂંટણીમાં થયેલ પૈસાની લેવડ-દેવડ મામલે ગામના જ બે જુથો ઠાકોર અને પટેલ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેને લઈને બંને જુથો આમને સામને આવી ગયા હતા. આ મામલો વધુના બીચકે તે માટે પોલીસને જાણ કરતા પોલીસ કાફલા સાથે ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પરંતુ ગામના આગેવાનોએ તાત્કાલિક દોડી આવી બન્ને જૂથોને સમજાવ્યા હતા. અંતે બન્ને જૂથોએ પોલીસની હાજરીમાં સમાધાન કરી લેતા આ સમગ્ર મામલો થાળે પડ્યો હતો અને મોટું ધીંગાણું થતું અટક્યું હતું.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪
સૂર્યાસ્ત : ૬.૨૫

### તાપમાન

મહત્તમ : ૨૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૬ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
એબીસીડી: એની બોડી કેન ડાન્સ (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
મર્ડર-૩ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
મર્ડર : ૧૦.૪૫
સ્પેશયલ-૨૬ : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
સ્પેશ્યલ -૨૬ : ૧૦.૦૦, ૩.૧૫, ૯.૧૫
જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૨.૪૫, ૬.૧૫

**સૂર્યા, વાવોલ**

મર્ડર -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
મર્ડર-૩ : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સ્પેશ્યલ -૨૬ : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
સ્પેશ્યલ- ૨૬ : ૧૦.૩૦, ૧.૦૦, ૧૦.૦૦
એબીસીડી: એની બોડી કેન ડાન્સ : ૪.૦૦, ૭.૦૦

**ચિરાગ, કલોલ**

મર્ડર-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**શૈક્ષણિક**

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત તમામ શાળા-કોલેજની એથલેન્ટિક્સ સ્પર્ધા નું આયોજન સવારે ૯.૩૦ કલાકે, સેકટર-૧૫માં આવેલ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંકુલ ખાતે યોજાશે.

### આપની આજ

**મેષ** : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાયક યોગ. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસનું આયોજન થશે.

**વૃષભ** : પર્યટન આમોદ-પ્રમોદના વિશિષ્ટ યોગ બની રહ્યો છે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોથી મહત્વપૂર્ણ લાભ પ્રાપ્તિનો યોગ.

**મિથુન** : સામાજિક સમ્માન તમારી ચિંતાઓને દૂર કરશે. અવસર હિતકર થશે. બહુપ્રતીક્ષિત ઈચ્છાઓની પૂર્તિ થઈ શકશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે.

**કર્ક** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. આર્થિક રોકાણ સમજ પૂર્વક કરવું.

**સિંહ** : વાહન સુખની પ્રાપ્તિ થઈ શકશે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે. આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું. શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ.

**કન્યા** : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

**તુલા** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થશે. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે.

**મકર** : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે. કાયદાકીય બાબતોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. આર્થિકક્ષેત્રમાં સમસ્યાઓનો યોગ.

**મીન** : વિચારેલા કાર્ય પૂર્ણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે.

### ચિરવિદાય

- સ્વ. ચંપાબેન કેશવલાલ શાહ (ઉ.વ. ૧૦૨) પ્લોટ નં. ૧૨૧૧, શિવમ સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. યોગેન્દ્ર રામસેવક યાદવ (ઉ.વ. ૨૦) મુ.પો. અકોડા, જિ. ભિંદ, મધ્યપ્રદેશ.
- સ્વ. જોઈતીબેન ત્રિકમલાલ રામી (ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૧૦૭, ડબલ ડેક્કર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. બબાજી જગાજી મકવાણા (ઉ.વ. ૮૦) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કામીનીબેન પંકજકુમાર ભાવસાર (ઉ.વ. ૪૨) પ્લોટ નં. ૬૩૨-૧, સેકટર-૭/બી, ગાંધીનગર.
- સ્વ. ઘનશ્યામભાઈ હરીશભાઈ ચારી (ઉ.વ. ૬) પ્લોટ નં. ૧૬, પ્રમુખ નગર બંગ્લોઝ, મુ.પો રાયસણ, તા., જિ. ગાંધીનગર.